**રેગ્યુલર દિવાની દાવા નં. ૪૪/૨૦૨૧**

## −: વાદીની આંક−૫ ની સી.પી.સી. ઓર્ડર−૩૯, રૂલ ૧, ૨ તથા કલમ−૧૫૧ હેઠળ દરમ્યાન મનાઈ હુકમની અરજી લગત હુકમ :−

(૧) વાદીએ હાલનો દાવો દસ્તાવેજ રદ્દ બાતલ ઠરાવવા તથા કાયમી મનાઈ હુકમ ફરમાવવા લાવેલ છે, સાથે હાલની અરજી આપી દાવાનો આખરી નિકાલ ન આવે ત્યાંસુધી પ્રતિવાદીઓ વિરૂધ્ધ વચગાળાના મનાઈ હુકમની માંગણી કરેલ છે.

(૨) વાદીનાં દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, કચ્છ માંડવી તાલુકાના ગામ મોટા દેઢીયા મધ્યે જુના સ.નં.૨૨૨ પૈકી ૧ નવા સ.નં.૩૦૧ (હેકટર ૧.૬૧. ૨૭) તથા જુના સ.નં.૨૨/૨/પૈકી ૨ નવા સ.નં.૩૦૦ (હેકટર ૧.૫૭. ૩૫) અને જુના સ.નં. ૨૨૨ પૈકી ૪ નવા સ.નં.૨૭૮ (હેકટર ૨.૦૨.૧૧) વાળી ખેતીની જમીનો મુળ ગાભાભાઈ કાયાની માલિકીની આવેલ હતી તે જમીનોને આ દાવામાં દાવાવાળી જમીનો તરીકે સંબોધવામાં આવશે, જેની ચતુર્દિશાની વિગત તથા વંશાવલી દાવા અરજીમાં જણાવેલ છે. વાદીના વડીલ પિતાશ્રી ગાભાભાઈ કાયાનું અવસાન થયેલ છે. આ કામના પ્રતિવાદી નં.૧ વાળા વાદીના નાના ભાઈ કલ્યાણજીના પત્નિ છે, કલ્યાણજી અવસાન પામેલ છે તથા પ્રતિવાદી નં.૨ વાળા ભત્રીજા છે તથા પ્રતિવાદી નં.૩ ભત્રીજી છે, પ્રતિવાદી નં.૫ વાળા ભત્રીજા છે, પ્રતિવાદી નં.૬, ૭ વાળા ભત્રીજા અરવીંદ ગુજરી જતા તેના પુત્ર અને પુત્રી છે. વાદીના વડીલ માતાજી રાણબાઈ અવસાન પામેલ છે તથા વાદીની બે બહેનો રાજબાઈ અને વિજયાબેન પણ અવસાન પામેલ છે.

એ રીતે ગુજરનાર ગાભાભાઈ કાયાના તેઓ વારસો છે. ગુજરનાર વાદીના વડીલોની ખેતીની જમીનો (૧) સ.નં.૨૨૨/૪, હેકટર ૨.૦૨.૧૧ આરે (નવા સ.નં.૨૭૮), (૨) સ.નં.૨૨/પી.૧, હેકટર ૧.૬૧.૨૭ આરે (નવા સ.નં.૩૦૧) તથા (૩) સ.નં.૨૨/૨/પી.૨, હેકટર ૧.૫૭.૩૫ આરે (નવા સ.નં.૩૦૦) માંડવી તાલુકાના ગામ દેઢીયા મધ્યે આવેલ છે.

**(૨.૧)** વધુમાં જણાવેલ છે કે, ઉપરોકત મુજબની ખેતીની જમીનો ગુજરનાર વાદીના વડીલની આવેલ છે, આ જમીનો વણવહેંચાયેલ છે. આ જમીનોમાં ગુજરનાર ગાભાભાઈ કાયાના તમામ વારસોનો કાયદેસર વારસાઈ હકક સમાયેલ છે. સ.નં.૨૨૨/૪ વાળી જમીન નોંધ નં.૨૪૭ થી ગાભા કાયાને કબજા હકક પ્રાપ્ત થયેલ છે તે બાદ નોંધ નં.૬૭૯ થી સદર જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવાયેલ છે. તે બાદ નોંધ નં.૭૪૪ થી સદર જમીન વાદીના વડીલ પિતાશ્રી ગાભા કાયાએ પોતાની હૈયાતીમાં વાદીના ભાઈ કલ્યાણજીની પત્નિ લીલબાઈને વર્ષ ૨૦૦૨ માં સુપરત કરી આપેલ છે તેમ કરવા વાદીના પિતાશ્રીને કોઈ હકક કે અધિકાર નથી, કારણ કે ગાભા કાયાભાઈના અન્ય વારસો પણ હતા તેમની કોઈ સંમતિ લેવામાં આવેલ નથી તેમજ જે કાંઈ પણ કબુલાત કે અરજીઓ થયેલ છે તેમા વાદીની ખોટી સહી કરેલ છે. વાદીના પિતાશ્રી ગાભાભાઈની પણ ખોટી સહી અને કબુલાત લેવામાં આવેલ છે. કલ્યાણજી ગાભા ગુજરી ગયેલ છે તેના વારસમાં તેમની પત્નિ લીલબાઈ, પુત્ર અરવીંદ જે અવસાન પામેલ છે તેના વારસમાં પત્નિ મંજુલાબેન અરવીંદ જે પણ અવસાન પામેલ છે તથા પુત્ર કેયુર અને પુત્રી પરીતા છે તેમજ લીલબાઈના એક પુત્ર રજનીકાંત કલ્યાણજી અને અશોક કલ્યાણજી તથા પુત્રી મીનાબેન કલ્યાણજી વા/ઓ.નવીન સંજોટ છે. આમ, કલ્યાણજીના સીધી લીટીના

વારસમાં તેમના પત્નિ લીલબાઈ, ત્રણ પુત્રો અરવીંદ (અવસાન), રજનીકાંત, અશોક અને એક પુત્રી મીનાબેન છે તેમ છતાં આ જમીન વાદીના ભાઈ કલ્યાણજીના પત્નિ લીલબાઈએ આ જમીન ગાભાભાઈ પાસેથી હૈયાતીમાં લઈ લીધેલ છે. જયારે ગાભાભાઈના વારસમાં વાદી, કલ્યાણજી અને બે પુત્રીઓ રાજબાઈ અને વિજયાબેન છે, તેમનો કોઈ હકક સદર જમીનમાં રાખેલ નથી કે કોઈ સંમતિ લીધેલ નથી. હકીકતમાં આ જમીનમાં ગાભાભાઈના તમામ વારસોનો કાયદેસર હકક સમાયેલ છે, તે બાદ લીલબાઈ કલ્યાણજીએ આ જમીનમાં પોતાના પુત્ર રજનીકાંત અને પુત્રી મીનાબેનના નામ હૈયાતીમાં દાખલ કરાવેલ, તે બાદ મજકુર લીલાબેન કલ્યાણજી, રજનીકાંત કલ્યાણજી અને મીનાબેન કલ્યાણજીએ આ જમીન સ.નં.૨૨૨/૪ વાળી હેકટર ૨.૦૨.૧૧ વાળી આ કામના પ્રતિવાદી નં.૪ વાળા અદાણી કંપનીને મોટી રકમમાં અઘાટ વેંચાણ કરી દસ્તાવેજ તા.૨૫–૫–૨૧ વાળો રજીસ્ટર કરી આપેલ છે, જેની નોંધ દાખલ થયેલ છે. આ જમીન મજકુર પ્રતિવાદી નં.૧ થી ૩ વાળાને વેંચાણ કરવા કોઈ હકક કે અધિકાર નથી, કારણ આ જમીન વડીલોના વારની હોય તેમા અન્ય વારસોનો કાયદેસરનો હકક સમાયેલ છે. આ દસ્તાવેજ ખોટો, બનાવટી અને બોગસ બનેલ છે. આ જમીન ખરીદનાર પ્રતિવાદી નં.૪ વાળાને કાયદેસરના કોઈ માલિકી હકક પ્રાપ્ત થતા નથી, કારણ કે આ જમીનમાં ગાભાભાઈના અન્ય વારસોનો કાયદેસર હકક સમાયેલ છે. લીલબાઈ કલ્યાણજીના એક પુત્ર અરવીંદ જે અવસાન પામેલ છે તેમના સંતાનો છે તેમનો પણ આ જમીનમાં હકક સમાયેલ છે. જેથી આ લીલબાઈ કલ્યાણજીને પોતાની હૈયાતીમાં રજનીકાંત અને અશોક ને હૈયાતીમાં હકક દાખલ કરી શકતા નથી. લીલબાઈના એક પુત્ર અરવીંદ ગુજરી ગયેલ છે તેના સંતાનો પ્રતિવાદી નં.૬, ૭ વાળાનો આ જમીનમાં

હકક સમાયેલ છે. આ કામે પક્ષકારોની ખામી ન આવે તે માટે પ્રતિવાદી નં.૬, ૭ વાળાને દાખલ કરેલ છે. આમ, આ કામના પ્રતિવાદી નં.૧ વાળાને એકલાનો આ જમીનમાં કોઈ હકક, ભાગ કે હિસ્સો રહેતો નથી. વાદી નોકરી અર્થે બહાર રહેતા તેઓની ગેરહાજરીમાં અને તેઓને સતત અંધારામાં રાખી અને આ તમામ કાર્યવાહી થયેલ છે. કબુલાતમાં તથા તલાટીશ્રી પાસે થયેલ અરજીઓમાં વાદીની ખોટી, બનાવટી સહી છે જે વાદીને બંધનકર્તા નથી. જેથી નામદાર કોર્ટમાં આ દાવો કરી અને થયેલ તમામ કાર્યવાહી રદ્દ કરવા અને થયેલ દસ્તાવેજ રદ્દ કરવા માટે આ દાવો કરવામાં આવેલ છે.

**(૨.૨)** વધુમાં જણાવેલ છે કે, દાવાવાળા ઠામો સ.નં.૨૭૮ અને ૩૦૧ પરના વાદીના પ્રસ્થાપિત હકકોનું ઉલ્લંઘન કરી દાવાવાળી મિલ્કત સંબંધી ગેરકાયદેસરનો કબજો પ્રતિવાદી નં.૪, ૫ વાળા ધરાવે છે, જેમ કરવા આ પ્રતિવાદીઓને કોઈ રાઈટસ નથી. પ્રતિવાદી નં.૪ વાળા સદરહુ દાવાવાળુ ઠામ સ.નં.૨૭૮ માં બાંધકામ કરવા તથા ફેરફાર કરવા અને હેતુફેર કરવાની પેરવીમાં છે, તેમ કરવા તેમને કોઈ હકક કે અધિકાર નથી. જો આ પ્રતિવાદી પોતાનું ધાર્યુ કરી જશે તો વાદીને નુકશાન થાય તેમ છે, તેમજ પ્રતિવાદી નં.૫ વાળા સ.નં.૩૦૦ વાળુ ખેતર અન્યને વેંચસાટ, ટ્રાન્સફર કે કોઈ પણ રીતે તબદીલ કરે તો સદરહુ દાવાવાળા ખેતર પરના કાયદેસરના તેમના હકકો પર વિપરીત અસર થશે અને વધુ દાવાદુવીના પ્રશ્નો ઉપસ્થિત થાય અને તેથી જે નુકશાન થાય તે અસહ્ય અને નાણાથી નુકશાની ભરપાઈ ન થાય તેવી વિષમ પરિસ્થિતિ ઉભી થાય તેમ છે. પ્રતિવાદીઓ સીધી રીતે દાદ આપતા ન હોય, જેથી દાવાનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી વચગાળાનો મનાઈ હુકમ મંજૂર કરવા હાલની અરજી કરેલ છે.

(૨.૩) વાદીએ પેરા નં.૧૧ માં દાદ માંગી જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી નં.૪ વાળા દાવાવાળુ ઠામ સ.નં.૨૭૮ માં કોઈ ફેરફાર કરે નહિ કે બાંધકામ કરે નહિ કે હેતુફેર કરે નહિ કે કોઈ નાણાકીય વહેવાર કરે નહિ તેમજ ગીરો રાખે નહિ તેમજ પ્રતિવાદી નં.૫ વાળા દાવાવાળુ ઠામ સ.નં.૩૦૧ વાળુ અન્ય કોઈને વેંચસાટ, ટ્રાન્સફર કે તબદીલ કરે નહિ કે ઠામ ઉપર કોઈ ભાર બોજો કરે નહિ કે કોઈ નાણાકીય વહેવાર કરે કરાવે નહિ તેવો આ કામના પ્રતિવાદી નં.૪, ૫ વાળા સામે દાવાના આખરી નિકાલ આવે ત્યાં લગી દરમ્યાન મનાઈ હુકમ ફરમાવવા તેમજ આ દાવાનું સઘળુ મુકદમા ખર્ચ પ્રતિવાદી પાસેથી તેમની હરેક પ્રકારની મિલ્કતથી અપાવવા, તેમજ કાયદા, હકીકત, સંજોગો અને પુરાવા નજરે મળી શકતી બીજી હરેક પ્રકારની દાદ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા હુકમ થવા અરજ કરેલ છે.

(૩) પ્રતિવાદીઓને સમન્સ/નોટીસ ઈસ્યુ કરતા, આ કામના પ્રતિવાદી નં.૧, ૨ તથા ૬/૧ નાઓ તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ આંક-૧૭ થી દરમ્યાન મનાઈ હુકમની અરજી તથા દાવા અરજીનો જવાબ રજુ કરવામાં આવેલ છે અને તેમા વાદીના દાવાની સ્વીકૃત કર્યા સિવાયની તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, વાદીનો દાવો તેમજ દરમ્યાન મનાઈ હુકમની અરજી લીગલ વેલીડ કે બોનાફાઈડ નથી. વાદીના ખુદના કથન મુજબ વાદીના પિતાશ્રીનું તા.૨-૧૦-૨૦૦૬ ના અવસાન બાદ હાલનો આ દાવો વાદી તરફથી એટલે કે ૧૫ વર્ષના લાંબા સમય બાદ આણવામાં આવેલ છે. આમ, વાદીના દાવાને તેમજ દરમ્યાન મનાઈ હુકમની અરજીને ડીલેય, લેચીસ અને એકવીઝન્સના સિધ્ધાંત મુજબ પણ વાદીનો દાવો મેઈન્ટેનેબલ કે એન્ટરટેઈનેબલ નથી અને રદ્દ થવા પાત્ર છે. વધુમાં જણાવેલ છે કે, વાદી કે અન્ય કહેવાતા

વારસોનો દાવાવાળી કોઈ પણ જમીનમાં કોઈ પણ જાતના રાઈટ, ટાઈટલ કે ઈન્ટરેસ્ટ હતા નહિ કે છે નહિ. પ્રતિવાદી નં.૪ વાળાને કાયદેસર રીતે રજી. દસ્તાવેજથી વેંચાણ આપેલ છે, અન્યથા પણ દાવાવાળી મિલ્કતનું વાદીએ મિટસ એન્ડ બાઉન્ડથી કોઈ પાર્ટીશનની માંગણી કરેલ નથી. વધુમાં જણાવેલ છે કે, વાદી વર્ષોથી ધંધે અને રસોડે ગાભાભાઈથી અલગ થઈ ગયેલ અને તેઓ કચ્છ બહાર રહેતા હતા, તેમણે કયારે પણ ગાભાભાઈ સાથે તેઓ સંયુકત કુટુંબમાં રહેલ નથી કે તેમણે કયારે પણ ખેતી કરેલ નથી અને તેઓ ખેડુત નથી. આમ, વાદી તરફથી રેવન્યુ રેકર્ડમાં તેમની કોઈ વારસાઈ પણ પડાવેલ નથી કે બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની સંબંધકર્તા જોગવાઈઓ મુજબ વાદીના નામે કોઈ ખેતી વિષયક જમીન હોય કે તેઓ ખેડુત ખાતેદાર હોય કે દાવાવાળી જમીનમાં કોઈ હકક કે હિત સંબંધ હોય તેવા તેઓએ કોઈ રેવન્યુ આધારો રજુ કરેલ નથી. વાદીએ પુરતી કોર્ટ ફી ભરેલ નથી. વાદીનો દાવો ચલાવવા નામદાર કોર્ટને હકુમત નથી. આમ, વાદીનો કોઈ પ્રાઈમાફેસી કેસ નથી. વાદીને દરમ્યાન મનાઈ હુકમ આપવામાં ન આવે તો તેમને કોઈ ઈરરીપેરેબલ લોસ કે ઈન્જરી થતા નથી કે થાય તેમ નથી, જયારે પ્રતિવાદીઓ કાયદેસરના માલિક મુખત્યાર હોય તેમના વિરૂધ્ધ કોઈ મનાઈ હુકમ આપવામાં આવે તો તેઓ તેમની મિલ્કત પરત્વેના હકકો એકસરસાઈઝ કરી શકે નહિ, તેથી પ્રતિવાદીઓને ઈરરીપેરેબલ લોસ અને ઈન્જરી થાય તેમ છે. વાદીનો દાવો ઈન ઈટસ પ્રેજેન્ટ ફ્રેઈમ એન્ડ ફોર્મ લીગલી મેઈન્ટેનેબલ નથી અને વાદીના દાવાને જરૂરી અને આવશ્યક પક્ષકાર જોડેલ નથી. જેથી ઉપરોકત સમગ્ર હકીકત અને કાયદા નજરે તેમજ સુનાવણી સમયે અન્ય જે કાંઈ પણ રજૂઆત કરવામાં આવે તે નેક લક્ષમાં લઈ વાદીનો દાવો તથા દરમ્યાન મનાઈ હુકમની અરજી

રદ્દ ફરમાવી પ્રતિવાદીને કોમ્પેન્સેટરી કોસ્ટ અપાવવા અરજ કરેલ છે.

(૩.૧) આ કામના પ્રતિવાદી નં.૩, ૫, ૭ ધ્વારા પ્રતિવાદી નં.૧, ૨, ૬/૧ વાળા તરફથી જે જવાબ–દાવા જવાબ રજુ કરવામાં આવેલ છે તે એડોપ્ટ કરવામાં આવેલ હોવાનું આંક–૧૮ ની પુરશીષથી જાહેર કરેલ છે.

(૩.૨) જયારે પ્રતિવાદી નં.૪ નાઓ તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ આંક– ૨૩ થી દરમ્યાન મનાઈ હુકમની અરજી તથા દાવા અરજીનો જવાબ રજુ કરવામાં આવેલ છે અને તેમા વાદીના દાવાની સ્વીકૃત કર્યા સિવાયની તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, વાદીનો દાવો ખરો નથી કે કાયદેસર ચાલવાપાત્ર નથી. વાદીએ કેટલીક મહત્વની હકીકતો નામદાર કોર્ટ સમક્ષ છુપાવેલી છે અને તે રીતે વાદી નામદાર કોર્ટ સમક્ષ સ્વચ્છ હાથે આવતા ન હોય, વાદીએ માંગેલ દાદ તેઓ માંગવા કે મેળવવા હકકદાર નથી. વાદીના દાવાને ડીલે, લેચીસ, એસ્ટોપલ વિકલ્પે એકવેસન્સનો બાધ આવે છે. વાદીના દાવાને મુદત દોષનો બાધ આવે છે, કેમ કે નોંધ નં.૭૪૪ થી લીલબાઈ કલ્યાણજીને મિલ્કત અપાઈ ગયેલ છે ત્યારથી આજ દિન સુધી વાદી કે જે વકીલ છે તેમણે તપાસ કરેલ નથી કે પડકારેલ નથી. આ મિલ્કત પ્રથમ લીલબાઈના જ કબજામાં રહેલ હતી વાદીના કબજામાં કયારે હતી નહિ. સદર નોંધ નં.૭૪૪ વાળી તા.૨૧–૧–૨૦૦૨ ના પડેલ અને તા.૧૯–૩–૨૦૦૨ ના તે પ્રમાણિત થયેલ છે. આમ, ૨૦૦૨ થી લીલબાઈ કાયદેસરના માલિક અને કબજેદાર બનેલ, વાદીએ ૨૦૦૨ થી કોઈ કાર્યવાહી નિયત સમય મર્યાદામાં નહિ કરીને તે પરિસ્થિતિ સ્વીકારી લીધેલ છે. જેથી વાદીના દાવાને મુદત દોષ લાગે છે તેમજ એસ્ટોપલનો પણ બાધ આવે છે. વધુમાં જણાવેલ

છે કે, પ્રતિવાદી નં.૪ વાળાએ આ મિલ્કત તા.૨૫–૫–૨૧ વાળા રજીસ્ટર્ડ દસ્તાવેજ તેઓની તરફેણમાં થયેલ છે અને ત્યારથી તેઓનો કબજો છે, તેને વાદીએ મોડેથી પડકારેલ છે. તેથી વાદીના દાવાને ડીલે, લેચીસનો બાધ આવે છે.

વધુમાં જણાવેલ છે કે, શ્રી ગાભાભાઈ કાયાભાઈની મિલ્કતોની કુલ ત્રણ મિલ્કતો નવા સર્વે નં.૨૭૮, ૩૦૦ તથા ૩૦૧ એ રીતે આવેલ. સમયાંતરે તેમા એવી રીતે ફાળા થયેલ કે ઉપરોકત જુના સર્વે નં.૨૨૨ પૈકી ૪ તે નવા સર્વે નં.૨૭૮ વાળી જમીન લીલબાઈને મળેલ. જયારે નવા સર્વે નં.૩૦૦ તથા ૩૦૧ જે રાણબાઈ નાગશી તથા લીલબાઈ કલ્યાણજીને શ્રી ગાભાભાઈએ પોતાની હયાતીમાં આપેલ. ત્યાર બાદ તેમની હયાતી બાદ ફાળા થયેલ તેમા લીલબાઈને સર્વે નં.૨૭૮ મળેલ હોતા સર્વે નં.૩૦૦ માં પોતાનો હકક વાદીની તરફેણમાં જતો કરેલ. જયારે સર્વે નં.૩૦૧ માં રાણબાઈનો જ હકક હતો તે બાબત નોંધ નં.૬૦૩ પડેલ તેમા વાદીએ પોતાનો હકક નહિ રાખતા અશોક કલ્યાણજીને હકક મળેલ અને વાદીએ તે પરિસ્થિતિ મુજબ પોતાનો હકક જતો કરવાની કબુલાત આપેલ અને તે પરથી નોંધ નં.૬૦૩ પડેલ. આમ, વાદીએ સર્વે નં.૩૦૧ માંથી પોતાનો હકક જતો કરેલ જેથી તેમા તેનો હકક રહેતો નથી અને તે નજરે ૨૦૦૭ માં વાદી સાથે સમાધાન થયેલ અને શ્રી ગાભા કાયાની આવેલ મિલ્કતો પૈકી જુના સર્વે નં.૨૨ પૈકી ૨ જેના નવા સર્વે નં.૩૦૦ વાળી મિલ્કત વાદીએ નવા સર્વે નં.૨૭૮ ના બદલામાં અને તેમાંથી હકકો જતો કરતા તેઓના ભાગેની સોંપી આપેલ અને તે અંગે લીલબાઈએ વાદીની તરફેણમાં તા.૪–૧–૦૬ ના રોજ સોગંદનામુ કરેલ અને તે અન્વયે રેવન્યુ રેકર્ડમાં નોંધ નં.૮૮૯ પડેલ છે જેમા સ્પષ્ટ જણાવેલ છે કે, જુના સર્વે નં.૨૨

પૈકી ૨ એટલે કે નવા સર્વે નં.૩૦૦ વાળી મિલ્કત વડીલોપાર્જીત મિલ્કત હતી જે વાદીના ભાગે સર્વે નં.૨૭૮ ના બદલામાં સોંપી આપવામાં આવેલ છે. જે પાર્ટીશન છે અને વાદીએ તે સ્વીકારેલ, તેથી જ વાદીએ સર્વે નં. ૨૭૮ ની નોંધોને આજ દિન સુધી પડકારેલ નથી અને તેવી મહત્વની હકીકતો નામદાર કોર્ટથી છુપાવેલ છે. તેથી વાદી કોઈ પણ ડીસ્ક્રીશનરી દાદ માંગવા કે મેળવવા હકકદાર નથી. વધુમાં, વાદી એક બાજુ મિલ્કતો સંયુકત છે તેવુ ડેકલેરેશન માંગેલ છે બીજી તરફ વિભાજનની દાદ માંગેલ નથી. વળી દાવા અરજીના પેરા નં.૨ માં પોતાના બહેનો રાજબાઈ અને વિજયાબેન છે પરંતુ તેઓને આ કામે દાખલ કરેલ નથી. તેથી વાદીનો દાવો લીગલી મેઈન્ટેનેબલ નથી, જરૂરી પક્ષકારનો અભાવ છે. વાદીના દાવાને મુદત દોષ લાગે છે. વાદીનો દાવો ચલાવવા નામદાર કોર્ટને હકુમત નથી તેમજ વાદીએ અપુરતી કોર્ટ ફી સ્ટેમ્પ પર દાવો લાવેલ છે. આમ, વાદીનો પ્રાયમાફેસી કેસ નથી, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં નથી, વાદીને કોઈ ઈરરીપેરેબલ લોસ જતુ નથી. તેથી વાદી માંગ્યા મુજબની કોઈ દાદ માંગવા કે મેળવવા હકકદાર નથી, વાદીનો દાવો તથા મનાઈ હુકમની અરજી ખર્ચ સહિત રદ્દ ફરમાવવા વિનંતી કરેલ છે.

(૪) આ કામે વાદી તરફે આંક-૩ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી માર્ક ૩/૧ થી ૩/૬૭ સુધીના તેમજ આંક-૧૨ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી માર્ક ૧૨/૧ થી ૧૨/૫ સુધીના દસ્તાવેજી આધારો રજુ કરેલા છે. જયારે પ્રતિવાદી નં.૪ તરફે આંક-૨૪ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી માર્ક ૨૪/૧ થી ૨૪/૭ સુધીના દસ્તાવેજી આધારો રજુ કરેલા છે.

(૫) ઉપરોકત અરજીનાં ન્યાયિક નિર્ણયાર્થે નીચે મુજબનાં મુદા ઉપસ્થિત થાય

છે.

**<u>મુદા :-</u>**

૧. શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?

૨. શું સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

૩. જો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણાંમાં ન ભરપાઈ થઈ શકે તેવું નુકસાન થાય તેમ છે ?

૪. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદા પરત્વેનાં નિર્ણયો નીચે કરેલ ચર્ચા મુજબ આ પ્રમાણે છે.

**<u>નિર્ણયો :-</u>**

૧. નકારમાં,

૨. નકારમાં,

૩. નકારમાં,

૪. આખરી હુકમ મુજબ.

## -: કારણો :-

(૭) કાયદાથી પ્રસ્થાપિત થયા મુજબ વાદીને દરમ્યાન મનાઈ અરજીમાં સફળ થવા માટે પ્રથમદર્શનીય કેસ, સગવડતા અગવડતાની સમતુલા અને જો દરમ્યાન મનાઈ હુકમનો ઈન્કાર કરવામાં આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થવાની સંભાવના હોવાના ત્રણે આવશ્યક તત્વો કોર્ટ સમક્ષ સફળતાપુર્વક પ્રદર્શિત કરવાના રહે છે. જો ત્રણે તત્વોની સફળતાપુર્વક રજુઆત થાય તો જ વાદી દરમ્યાન મનાઈ હુકમ મેળવવા માટે હકકદાર થાય છે. વાદીની મનાઈ હુકમની અરજી

સી.પી.સી.ના ઓર્ડર–૩૯, રૂલ–૧ તથા ૨ અને કલમ–૧૫૧ અન્વયે રજુ કરવામાં આવેલ છે. સદર કામે આંક–૫ ની અરજીનો નિર્ણય કરતી વખતે મનાઈ હુકમ માટેના ઉપર ચર્ચા કરેલ ત્રણે આવશ્યક તત્વોનુ અસ્તિત્વ છે કે કેમ? તે પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ હકીકતો અને દસ્તાવેજી પુરાવાને આધારીત નકકી કરવાનુ છે. આ આવશ્યક તત્વોની હવે પછી અલગ ચર્ચા કરવામાંા આવેલી છે. વિશેષમાં, દરમ્યાન મનાઈ હુકમની દાદ કોર્ટની વિવેકબુધ્ધિની સત્તાને આધીન છે. દરમ્યાન મનાઈ હુકમની દાદ સમન્યાયી છે. આથી જો વાદી સમન્યાયી દાદ મેળવવા માંગતા હોય તો, કોર્ટ સમક્ષ ચોખ્ખા હાથે આવવું જોઈએ. આ કામે મનાઈ હુકમ માટેના મહત્વના તત્વોની ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છે.

પ્રસ્થાપિત નિયમ મુજબ કામ ચલાઉ મનાઈ હુકમના મુદ્દા વિશે કોર્ટને પ્રથમદર્શનીય કેસ હોવાનો સંતોષ થવો જોઈએ, પરંતુ એનો અર્થ એવો નથી કે કોર્ટે તેના નિર્ણય માટે સંપુર્ણપણે કેસની હકીકતોની ગુણવત્તાની ચકાસણી કરવાની છે. કોર્ટે ફકત એટલી વિચારણાં કરવાની છે કે વાદીએ જે હકીકતો જણાવી છે તે આધારે ગંભીર પ્રકારના પ્રશ્નનો નિર્ણય કરવાનો છે કે કેમ? આ કારણસર વાદીએ કાયદેસરનો હકક હોય તે અંગેની સંપુર્ણ હકીકતો કોર્ટ સમક્ષ રજુ કરવાની છે અને સંભવિત હકક હોય તો દરમ્યાન મનાઈ હુકમ મેળવવા માટે પ્રથમદર્શનીય કેસ હોવાનું કોર્ટ ઠરાવી શકે.

**<u>મુદા નં.૧ થી ૩</u>**

(૮) મુદા નં.૧ થી ૩ હકીકત અને કાયદાની દ્રષ્ટીએ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય, પુનરાવર્તન નીવારવા તે તમામની ચર્ચા અત્રે

એક સાથે કરવામાં આવેલ છે.

હાલના દાવામાં વાદી પક્ષનું મુખ્ય કથન છે કે, દાવાવાળી જમીનો માંડવી તાલુકાના દેઢીયા ગામના જુના સર્વે નં.૨૨૨ પૈકી ૧ (નવા સર્વે નં. ૩૦૧), જુના સર્વે નં.૨૨/૨/પૈકી ૨ (નવા સર્વે નં.૩૦૦) તથા જુના સર્વે નં.૨૨૨ પૈકી ૪ (નવા સર્વે નં.૨૭૮) વાળી જમીનો તેમના પિતાજી ગાભાભાઈ કાયાભાઈ હરીજન (કન્નર)ની માલિકીની હતી. જે પૈકી સર્વે નં.૨૨૨ પૈકી ૪ વાળી જમીન તેમના પિતાજીએ સને ૨૦૦૨ માં તેમના ભાઈ કલ્યાણજીની પત્નિ લીલબાઈ એટલે કે પ્રતિવાદી નં.૧ ને સુપરત કરી દીધેલ છે. જે બાબતની નોંધ હકક પત્રક ફેરફાર નોંધ નં. ૭૪૪ થી દાખલ થયેલ છે. જેના અનુસંધાને નોંધ નં.૭૪૪ જે વાદી પક્ષે માર્ક ૩/૩ થી રજુ રાખેલ છે તે વંચાણે લેતા સદર નોંધ સર્વે નં.૨૨૨ પૈકી એકર ૫ ગુંઠાને લગતી હોવાનું ફલિત થાય છે. વધુમાં સદર નોંધ મુજબ હરીજન ગાભા કાયાએ તેમની હૈયાતીમાં પુત્રવધૂ હરીજન લીલબાઈ કલ્યાણજીને ખાતા નં.૧૮૩ વાળુ ઠામ સુપરત કરેલ હોવાની નોંધ તા.૧૮–૩–૨૦૦૨ ના રોજ પ્રમાણિત થયેલાનું ફલિત થાય છે. વધુમાં વાદી પક્ષનું કથન છે કે, સર્વે નં.૨૨૨/૪ વાળી જમીન પ્રતિવાદી નં.૧, ૨, ૩ નાએ પ્રતિવાદી નં.૪ ને મોટી રકમમાં વેંચાણ કરી રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરી આપેલ છે, જે કરવાનો પ્રતિવાદી નં.૧ થી ૩ ને કોઈ હકક અધિકાર નથી, કારણ કે આ જમીન વડીલો વખતની હોય અન્ય વારસોનો પણ તેમા હકક સમાયેલ છે. જેના અનુસંધાને વાદી પક્ષે રજુ માર્ક ૩/૫ વાળી નોંધ નં.૮૮૯ મહત્વની બને છે. જે વંચાણે લેતા પ્રતિવાદી નં.૧ નાએ સર્વે નં.૨૨/૨/પૈકી ૨ વાળી જમીન તેમના જેઠ એટલે કે હાલના વાદીના નામે કરવા કરેલ અરજી તથા સોગંદનામા આધારે તા.૩–૯–૨૦૦૭ ના રોજ નોંધ પ્રમાણિત થયેલ હોવાનું ફલિત થાય છે. આમ, આ કામના વાદીએ દાવા અરજીમાં જણાવેલ

સર્વે નંબરો પૈકી સર્વે નં.૨૨/૨/પૈકી ૨ વાળી જમીનમાં વાદીનું નામ સને ૨૦૦૭ માં દાખલ થયેલ હોવાનું ફલિત થાય છે. વિશેષમાં, માર્ક ૩/૧૧ થી રજુ સર્વે નં.૨૨/૨/પૈકી ૨ વાળી જમીનના ગામ નમુના નં.૭ વંચાણે લેતા તેમા વાદી ઉપરાંત વાદીના વારસદારોના નામ નોંધ નં.૧૨૨૪ આધારે દાખલ થયેલાનું ફલિત થાય છે. માર્ક ૩/૧૯ થી નોંધ નં.૧૨૨૪ રજુ રાખેલ છે, જે મુજબ સર્વે નં.૨૨/૨/પૈકી ૨ વાળી જમીનમાં વાદીએ નોટરી રૂબરૂ કરેલ સોગંદનામા આધારે હૈયાતીમાં વારસદારોના નામ દાખલ કરવા કરેલ અરજી આધારે તેમના વારસદારોના નામ દાખલ કરવામાં આવેલ હોવાનુ તથા સદર નોંધ તા.૧૦-૧૦-૨૦૧૨ ના રોજ પ્રમાણિત થયેલ હોવાનું ફલિત થાય છે. માર્ક ૩/૨૬ થી રજુ હકક પત્રક ફેરફાર નોંધ નં.૬૦૩ વંચાણે લેતા, સર્વે નં.૨૨ પૈકી એકર ૪ ગુંઠાવાળી જમીનના ખાતેદાર રાણબાઈ નાગશી તા.૨૦-૪-૧૯૯૫ ના રોજ ગુજરી જતા જેમની વારસાઈ આધારે વારસદારોના નામ દાખલ થયેલ, જે પૈકી પાંચ વારસદારો એ પોતાનો હકક જતો કરતા સદર ઠામ અશોક કલ્યાણજી કન્નરના નામે દાખલ થવા બાબતે નોંધ તા.૧૫-૧૦-૯૭ ના રોજ પ્રમાણિત થયેલાનું ફલિત થાય છે. માર્ક ૩/૬૧ થી તકરારી દસ્તાવેજની નકલ રજુ છે, જે વંચાણે લેતા પ્રતિવાદી નં.૧, ૨, ૩ નાએ પ્રતિવાદી નં.૪ ની તરફેણમાં ૨૨૨/પૈકી ૪ વાળી જમીન રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજથી વેંચાણ કરેલ છે. સદર દસ્તાવેજની વિગતોમાં પણ દાવાવાળી મિલ્કતો પ્રતિવાદી નં.૧ ને તેમના સસરા ગાભા કાયાએ સુપરત કરેલ હોવાનું તથા નોંધ નં.૮૮૯ થી પ્રતિવાદી નં.૧ નાએ સર્વે નં.૨૨/૨/પૈકી ૨ વાળુ ઠામ તેમની હૈયાતીમાં વાદીને સુપરત કરેલ હોવાની વિગત લખેલ છે. સદર દસ્તાવેજ તા.૨૫-૫-૨૦૨૧ ના રોજ સબ રજીસ્ટ્રાર, માંડવી સમક્ષ નોંધાયેલ હોવાનું ફલિત થાય છે. હવે, વાદી પક્ષની મુખ્ય તકરાર

છે કે દાવાવાળી જમીનમાં ગાભા કાયાના તમામ વારસદારોનો હકક અધિકાર રહેલો છે. જેના અનુસંધાને વાદી પક્ષે રજુ નોંધ નં.૭૪૪ જે સને ૨૦૦૨ ની સાલમાં પ્રમાણિત થયેલ છે, જે નોંધ વાદીએ સક્ષમ ઓથોરીટી સમક્ષ પડકારેલ છે કે કેમ? જેનો કોઈ ખૂલાસો વાદીએ તેમની દાવા અરજીમાં કરેલ નથી. વિશેષમાં, નોંધ નં.૮૮૯ મુજબ પ્રતિવાદી નં.૧ નાએ સર્વે નં.૨૨/૨/પૈકી ૨ વાળી જમીન હાલના વાદીના નામે સને ૨૦૦૭ માં દાખલ કરાવેલ છે, તેમજ સદર જમીનમાં વાદીએ સને ૨૦૧૨ ની સાલમાં હયાતીમાં વારસાઈ કરાવેલ છે. જે તમામ સંજોગોમાં ઉપરોકત હકીકતોની જાણ વાદીને સને ૨૦૦૭ થી હોવાનું માનવાને કારણ બને છે. અત્રે નોંધનીય હકીકત છે કે, આ કામના વાદીએ હાલના દાવામાં દાવાવાળી જમીનો સંબંધેની રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ હકક પત્રક ફેરફાર નોંધો પડકારેલ છે, પરંતુ સદર નોંધો બાબતે વાદીએ રેવન્યુ રાહે કોઈ કાર્યવાહી કરેલ છે કે કેમ? તેની કોઈ વિગત કે ખૂલાસો વાદીએ તેની દાવા અરજીમાં કરેલ નથી. વધુમાં, એ હકીકત પણ નોંધનીય છે કે વાદીએ હાલનો દાવો તેમના પિતાજી ગાભા કાયાના વારસદારની રૂએ દાવાવાળી જમીનો ગાભા કાયાના તમામ વારસોના સંયુકત નામે ઠેરવવા માટે દાખલ કરેલ છે. વિશેષમાં, નોંધનીય છે કે વાદીના કથન મુજબ તેમના પિતાજી તા.૨–૧૦–૨૦૦૬ ના રોજ અવસાન પામેલ છે. હવે પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં વાદીના પિતાજીએ દાખલ કરાવેલ નોંધ સને ૨૦૦૨ ની સાલની છે. હવે, સદર નોંધ સામે વાદીના પિતાજીએ તેમની હયાતી દરમ્યાન કોઈ વાંધો કે તકરાર લીધેલ હોય તેવુ વાદી અદાલત સમક્ષ દર્શાવી શકેલ નથી. ઉલ્ટાનું વાદીના કથન મુજબ તેમના પિતાજીની પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં સર્વે નં.૨૨૨ પૈકી વાળી જમીન કરવાને કોઈ

અધિકાર પહોંચતો નથી. સદર તકરાર ધ્યાને લેતા તકરારી જમીન વડીલોપાર્જીત હોવાનું વાદીએ કોઈ પક્ષ નિવેદન કરેલ નથી. વાદીના કથન મુજબ જ સદર જમીન તેમના પિતાજીને પ્રાપ્ત થયેલ છે અને તેમણે તેમની હયાતી દરમ્યાન પ્રતિવાદી નં.૧ ને સુપરત કરેલ છે. હવે, સદર તબદિલી તથા પ્રતિવાદી નં.૧નાએ વાદીની તરફેણમાં કરી આપેલ તબદિલી કાયદા મુજબની છે કે કેમ તેનો નિર્ણય હાલના તબક્કે થઇ શકે તેમ નથી. વિશેષમાં, વાદીના માતાજી તા.૩૦–૪–૧૯૯૫ ના રોજ અવસાન પામેલ છે, જેમની વારસાઈની નોંધ નં.૬૦૩ જે તા.૧૫–૧૦–૧૯૯૭ ના રોજ પ્રમાણિત થયેલ છે, તેની તકરાર વાદીએ હાલના દાવામાં લીધેલ છે. અત્રે નોંધનીય હકીકત બને છે કે વાદી ધ્વારા આ કામના પ્રતિવાદી નં.૧, ૨, ૩, ૪, ૫ નાએ દાવાવાળી જમીનો સંબંધે રેવન્યુ રેકર્ડમાં ખોટા દસ્તાવેજો ઉભા કરી તેમા વાદીના પિતાજી તથા અન્ય વારસદારોની ખોટી સહીઓ કરી ખોટી રીતે પોતાના નામ દાખલ કરાવેલ હોવાનું પક્ષ નિવેદન કરેલ છે. વાદીએ સદર રેવન્યુ રેકર્ડના ઉતારા આંક–૩ તથા આંક–૧૨ ના લીસ્ટ સાથે રજુ રાખેલ છે. જે પૈકી હાલના તબક્કે જરુરી આધારોની ઉપર મુજબ ચર્ચા કરવામાં આવેલ છે.

(૮.૧) હવે, પ્રતિવાદી પક્ષે વાદીની દાવા અરજીનો ઈન્કાર કરવામાં આવેલ છે. ખાસ કરીને વાદીના દાવાને સમય મર્યાદા અધિનિયમનો સ્પષ્ટપણે બાધ નડતો હોવાની તકરાર પ્રતિવાદી પક્ષે લેવામાં આવેલ છે. વધુમાં, પ્રતિવાદી પક્ષે નોંધ નં.૨૪૭, ૭૪૪, ૮૮૯, ૬૦૩ તથા રજીસ્ટર્ડ દસ્તાવેજ નં. ૧૭૩૪/૨૧ વાળાની નકલો રજુ રાખેલ છે, જે તમામ આધારો વાદી પક્ષે પણ રજુ રાખવામાં આવેલ છે. હાલના દાવામાં વાદી પક્ષે તેમની દાવા અરજીમાં પ્રતિવાદી વિરૂધ્ધ કરવામાં આવેલ આક્ષેપો તથા તકરાર

બાબતે હાલના તબકકે કોઈ નિર્ણય થઈ શકે તેમ નથી. ખાસ કરીને રેવન્યુ રેકર્ડમાં ખોટી કબુલાતો તથા ખોટી સહીઓ કરેલ હોવા બાબતનું પક્ષ નિવેદન ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન બન્ને પક્ષે રજુ થતા પુરાવાઓનું મૂલ્યાંકન કર્યા સિવાય નિર્ણિત થઈ શકે તેમ નથી. જો કે હાલના વચગાળાના મનાઈ હુકમના તબકકે વાદીએ પોતાની તરફેણમાં પ્રથમ–દર્શનીય કેસ બનતો હોવાનું અદાલત સમક્ષ પ્રસ્થાપિત કરવુ અનિવાર્ય બને છે. જે હકીકત તથા વાદીનુ સમગ્ર પક્ષનિવેદન તેમજ પ્રતિવાદી પક્ષે લેવામાં આવેલ તકરારો એ પ્રકારની છે જે નિર્ણય પુરાવો લીધા સિવાય થઇ શકે તેમ નથી. જે બાબતે ઉપરોકત પ્રમાણે કરેલ વિગતવારની ચર્ચા આધારે સ્પષ્ટ બને છે કે, હાલના દાવામાં વાદીએ સને ૧૯૯૭, ૨૦૦૨ તથા ૨૦૦૭ ની સાલમાં થયેલ રેવન્યુ નોંધો તથા વ્યવહારો બાબતેની તકરારો સને ૨૦૨૧ ની સાલમાં ઉઠાવેલ છે. જેના અનુસંધાને વાદીનુ સમગ્ર પક્ષનિવેદન ધ્યાને લેતા, તે વિગતોના આધારે વચગાળાનો મનાઈ હુકમ મેળવવા સબબ પ્રથમદર્શનીય કેસ બનતો હોવાની વાદી પક્ષની દલીલ ગ્રાહય રાખવાપાત્ર જણાતી નથી. ખાસ કરીને જયારે ખુદ વાદીની તરફેણમાં સને ૨૦૦૭ ની સાલમાં દાવાવાળી જમીન પૈકી એક જમીન ફેરફાર થયેલ છે તેમજ તે જમીનમાં વાદીએ પોતાની હયાતી દરમ્યાન વારસાઈ પણ કરાવેલ છે. જે સંજોગોમાં વાદીએ હાલના દાવામાં લીધેલ તકરારો આધારે હાલની વચગાળાની મનાઈ હુકમની અરજીના તબકકે પ્રથમદર્શનીય કેસ તેમની તરફેણમાં બનતો હોવાનું અદાલત સમક્ષ પ્રસ્થાપિત કરી શકેલ નથી તેમ માનવાને કારણ બને છે. વચગાળાના મનાઈ હુકમ સંબંધેના અન્ય બે સિધ્ધાંતો પૈકી સગવડ અગવડની સમતુલાને ધ્યાને લેતા વાદીએ હાલની અરજીમાં પ્રતિવાદી નં.૪

દાવાવાળી જમીનના સ્વરૂપમાં કોઈ ફેરફાર કરે કરાવે નહિ તથા પ્રતિવાદી નં.૫ દાવાવાળી જમીન કોઈની તરફેણમાં તબદીલ કરે કરાવે નહિ તેવી વચગાળાની માંગણી કરેલ છે. જે દાદના અનુસંધાને સગવડ અગવડની સમતુલાનું પાસુ ધ્યાને લેતા વાદીની સરખામણીએ પ્રતિવાદી નં.૪ કે જે રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજથી માલિક બનેલ છે તથા પ્રતિવાદી નં.૫ કે જેમનું નામ સને ૧૯૯૭ થી રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ છે તેમની તરફેણમાં હોવાનું માનવાને સ્પષ્ટ કારણ બને છે. ખાસ કરીને જયારે વાદી હાલના દાવામાં દાવાવાળા ઠામ સંબંધે ગાભા કાયાના તમામ વારસદારોનો સંયુકત હકક હોવા બાબતની દાદ માંગે છે, ત્યારે તે સંબંધે ગાભા કાયાના તમામ વારસદારોને દાવા અરજીની હકીકતો સંબંધે પ્રત્યક્ષ સંબંધ બને છે. વિશેષમાં, વચગાળાના મનાઈ હુકમ માટેના અન્ય એક સિધ્ધાંત નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન વાદીને થતુ હોવાનું પુરવાર કરવુ જરૂરી બને છે. હાલના દાવામાં વચગાળાના મનાઈ હુકમની ગેરહાજરીમાં વાદીને કેવી રીતે નાણામાં ભરપાઈ ન થઈ શકે તે પ્રકારનું નુકશાન થશે તેનો કોઈ ખૂલાસો વાદી કરી શકેલ નથી. આમ, હાલના દાવામાં વાદી પ્રથમદર્શનીય કેસ પ્રસ્થાપિત કરી શકેલ નથી. ઉપરાંત, સગવડ અગવડની સમતુલા વાદીની તરફેણમાં હોવાનુ અને વચગાળાના મનાઈ હુકમની ગેરહાજરીમાં વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તે પ્રકારનું નુકશાન થાય તેવી કોઈ હકીકત વાદી પ્રસ્થાપિત કરી શકેલ નથી. જે તમામ સંજોગોમાં વાદી હાલના તબક્કે અરજીમાં માંગણી કર્યા મુજબની વચગાળાના મનાઈ હુકમ જેવી સમન્યાયી દાદ મેળવવા હકકદાર બનતા નથી. આમ,, વાદી પ્રથમદર્શનીય કેસ પ્રસ્થાપિત કરી શકેલ નથી તથા સગવડ અગવડનું ધોરણ પણ વાદીની તરફેણમાં ન હોય તેમજ મનાઈ

હુકમ આપવામાં ન આવે તો તેઓને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થતુ ન હોય, વાદી સી.પી.સી. ઓર્ડર–૩૯ ના ત્રણેય તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે. જે સંજોગોમાં **મુદા નં.૧ થી ૩ નો જવાબ ''નકારમાં''** ઠરાવી, મુદા નં.૪ સંબંધે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –: હુકમ :–

– વાદીની આંક–૫ ની દરમ્યાન મનાઈ હુકમની અરજી આથી નામંજૂર યાને રદ્દ કરવામાં આવે છે.

– અરજીનું ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજ તારીખ ૨૩, માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૨ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

**તારીખ:** ૨૩–૨–૨૦૨૨
**સ્થળ :** માંડવી

**(હર્ષદભાઈ શનાભાઈ ચાવડા)**
એડીશનલ સિવિલ જજ, માંડવી–કચ્છ
કોડ નં.જી.જે.૦૧૫૩૪